Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**Employment Notice No.GAD/NT/GIA/EmpNotice/27848/2025, Date: 18/10/2025 માં દર્શાવેલ ક્રમ ૦૨ ની જગ્યા માટેની પરીક્ષા પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.**

**જુનિયર સ્ટેનોગ્રાફર :**

સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામા યોજવામાં આવશે

(A) ક્વોલીફાઈગ એકઝામ (શોર્ટહેન્ડ ટેસ્ટ) (એલીમેનેશન રાઉન્ડ) : મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા અને (B) મુખ્ય પરીક્ષા (લેખિત પરીક્ષા) ઉમેદવારોની આખરી પસંદગી ક્વોલીફાઈગ પરીક્ષા તથા મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના અધારે કરવામાં આવશે. પરીક્ષાનુ માધ્યમ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

## (A) Qualifying examination (short hand test) Elimation Round

કુલ ગુણ : ૫૦, સમય : ૪૫ મિનિટનો રહેશે.

| ક્રમ | વિષય | માર્ક | સમયગાળો |
|---|---|---|---|
| Short hand Test | Dictation of Gujarati para at a speed of 60 words per minute for writing in short hand for 2 minutes and trancribe the same at the speed of seven words per minute (in legible handwriting, not by typing.<br>**or**<br>Dictation of English para at a speed of 90 words per minute for writing in short hand for 2 minutes and trancribe the same at the speed of seven words per minute (in legible handwriting, not by typing. | ૫૦ | ૪૫ મિનિટ |

નોંધ : (૧) આ પરીક્ષાનો ઉદ્દેશ , આપેલ મૌખિક ઝડપે લઘુલીપી ટેસ્ટ લખવા માટેની ઉમેદવારની ક્ષમતાનું મૂલ્યાંકન કરવાનો છે.

(૨) પરીક્ષાનો હેતુ ઉમેદવારોની લઘુલીપી કુશળતાની ચકાસણી કરવાનો છે. જે ઉમેદવાર આવશ્યક લધુલીપીમાં કુશળતા ધરાવે છે તે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવશે.

(૩) ક્વોલીફાઈગ એકઝામ (શોર્ટહેન્ડ ટેસ્ટ) (એલીમેનેશન રાઉન્ડ)નુ લાયકી ધોરણ યુનિવર્સિટી નક્કી કરે તે મુજબ રહેશે.

(B) **મુખ્ય પરીક્ષા :**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર -૧ | Gujarati Language skill & Computer Knowledge (Descriptive and Objective ) | ૫૦ | ૧ કલાક |
| પ્રશ્નપત્ર -૨ | Skill Test (Stenography & Typing the Transcription) | ૫૦ | ૪૦ મીનીટ |
| | Total | ૧૦૦ | |

(ખ) **લઘુત્તમ લાયકી ધોરણ** : પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે  પ્રશ્નપત્ર -૧ તથા પ્રશ્નપત્ર -૨ દરેક માટે કુલ ગુણના ભારાંક(૪૦ %) ગુણ ભારાંક રહેશે.

(ગ) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી પ્રશ્નપત્ર -૧ શોર્ટ હેન્ડ ટેસ્ટ તથા પ્રશ્નપત્ર -૨ મુખ્ય પરીક્ષા ટેસ્ટમાં મેળવેલ કુલ ગુણ ના આધારે પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.

(ઘ) વર્ગ-૩ ના ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે  માર્કસની ગણતરી નીચે મુજબ કરવી.

(૧) પ્રશ્નપત્ર -૧ શોર્ટ હેન્ડ ટેસ્ટમાં ૫૦ માર્કસમાંથી મેળવેલમાર્કસ.

(૨) પ્રશ્નપત્ર -૨  મુખ્ય પરીક્ષા કસોટીમાં કુલ ૫૦ માર્કસમાંથી મેળવેલ માર્કસ.

(ચ) પ્રતિક્ષાયાદી કુલ ખાલી જગ્યાના ૧૦ ટકા મુજબ કેટેગરીવાઇઝ તેમજ પુરૂષ તથા મહિલા અલગ રીતે દર્શાવી તૈયાર કરવામાં આવશે.

(ઝ) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક : પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪, તા.૨૩/૭/૨૦૦૪ ની જોગવાઇઓ ધ્યાને લઇ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ)ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પસંદગી પામેલ હોય એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સામાન્ય કેટેગરી (બિનઅનામત) ની જગ્યા સામે સરભર કરવામાં આવશે. પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત કેટેગરીની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

(જ) ઉમેદવાર પોતે ઉપરોકત જગ્યાઓની મેરીટ યાદી / પસંદગી યાદી / ભલામણ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો હકક દાવો કરવાને હકકદાર થશે નહિ. સરકારશ્રી / યુનિવર્સિટીના વખતો વખતના ઉપરોકત જગ્યાઓના ભરતી નિયમો તેમજ ઓનલાઇન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીમાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ અને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે તમામ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની મેરીટ ક્રમ / પસંદગી ક્રમને આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે યુનિવર્સિટી / જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

Sd\-

Date: 28/11/2025

I/C REGISTRAR